મોરબીના જુના સાદુળકા નજીક કંપની બહારથી બાઈકની ચોરી

અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ફરિયાદ

(પ્રતિનિધિ દ્વારા)

મોરબી તા.૧૦

મોરબી તાલુકાના જુના સાદુળકા ગામની સીમમાં આવેલા લેમીકોન વૂડલેન્ડ કારખાના બહાર પાર્ક કરાયેલ રૂ.૭૦ હજાર કિંમતનું હીરો સ્પ્લેન્ડર પ્લસ બાઈક કોઈ અજાણ્યો ચોર ચોરી કરી લઈ ગયા અંગે મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ મધ્યપ્રદેશના જાંબુઆ જીલ્લાના બાડકુવા ગામના વતની અને હાલ જુના સાદુળકા ગામની સીમમાં આવેલા લેમીકોન વૂડલેન્ડ કારખાનાના લેબર ક્વાર્ટરમાં રહેતા ખીમરાજભાઈ વેશીયા મેડા ઉ.વ.૩૨એ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમણે પોતાનું હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ રજી. એમપી-૪૫-ઝેડએલ-૧૮૮૫ ગત તા.૨૮/૦૬ના રોજ કારખાનાના ગેટ બહાર પાર્ક કર્યું હતું. જે બીજા દિવસે સવારે ઉપરોક્ત બાઈક કોઈ ચોરી કરી લઈ ગયું હતું. જેથી ફરિયાદીએ આસપાસ અને મોરબીના વિવિધ વિસ્તારોમાં શોધખોળ કરી હતી, પરંતુ બાઇકની કોઈ ભાળ મળી નહોતી. જેથી પ્રથમ ઈ-એફઆઈઆર નોંધાવ્યા બાદ મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. હાલ મોરબી તાલુકા પોલીસે આરોપી અજાણ્યા વાહન ચોર સામે ગુનો નોંધી આગળની તજવીજ શરૂ કરી છે.

બગસરાના હાર્દ સમા અનેક વિસ્તારમાં અંધારપટ

છેલ્લા ઘણા સમયથી શહેરની અનેક સ્ટ્રીટ લાઈટો બંધ હોવાથી લોકોને પડતી હાલાકી

(પ્રતિનિધિ દ્વારા)

બગસરા તા.૧૦

બગસરા શહેરમાં પાલિકા દ્વારા લગાવવામાં આવેલી સ્ટ્રીટ લાઇટો બંધ હાલતમાં છે. શહેરના હાર્દ સમાં વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટો છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં જોવા મળી રહી છે. જયારે અમુક વિસ્તારમાં ઉભા કરવામાં આવેલા પોલ પણ તૂટીને પડી ગયેલા જોવા મળે છે. આ બાબતે પાલિકાના સતાધીશો દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલી ન હોવાથી લોકોમાં અસંતોષની લાગણી જોવા મળી રહી છે. શહેરના અલગ અલગ વિસ્તાર જેવા કે જ પોલીસ સ્ટેશનથી લઈને ઝાંઝરીયા બસ સ્ટેશન સુધીનો તમામ રોડ ઉપરની બધી જ લાઈટો

(તસવીરઃ હાર્દિક બામટા)

બંધ હાલતમાં જોવા મળી રહી છે. એટલું જ નહીં પરંતુ શહેરના મુખ્ય માર્ગ કહેવાતો આઇકોનિક રોડની પણ તમામ લાઈટો છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં જોવા મળી રહી છે. આ રોડ ઉપર વડીલો તેમજ મહિલાઓને રાત્રિ દરમિયાન પસાર થવામાં પણ ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. જયારે પાલિકા દ્વારા બનાવવામાં આવેલો આ આઈકોનિક રોડ શહેરનું મુખ્ય આકર્ષણ ગણાતો હતો પરંતુ ફકત થોડા જ મહિનાઓમાં આ રોડની તમામ લાઈટોતો બંધ હાલતમાં છે તેમજ ત્યાં મૂકવામાં આવેલા ડસ્ટબીનો તૂટેલી હાલતમાં અને વૃક્ષો પણ હતા નહોતા થઈ ગયા અને અહીંયા લગાવવામાં આવેલ એલઇડી સ્ક્રીનો પણ બંધ હાલતમાં જોવા મળી રહ્યા છે. આ સિવાયના રેલ્વે સ્ટેશન વાળા રસ્તાઓમાં પણ ઘણી લાઈટો બંધ તો ઘણા પોલો પણ તૂટેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. આટલી હદે આ શહેરની હાલત કથળેલી જોવા મળી રહી છે તેમ છતાં પાલિકાના સતાધીશો દ્વારા પોતાની સત્તામાં મદ મસ્ત થઈને આંખા આડા કાન કરીને મૌન થઈને બેઠેલા જોવા મળી રહ્યા છે જયારે આ બાબતે એક જાગૃત નાગરિક દ્વારા પાલિકા પ્રમુખ તેમજ લાઈટ સમિતિના ચેરમેનને પણ અનેક વખત રજૂઆતો કરેલી છે છતાં તેમના પેટનું પણ પાણી હલતું નથી.

આ બાબતે પાલિકા પ્રમુખ નીરવ ગોંડલીયાને પૂછતા તેમને જણાવ્યું કે હાલમાં જ અમે નવી લાઈટો મંગાવેલી છે તો ટૂંક સમયમાં તમામ લાઈટો ચાલુ કરી દેવામાં આવશે. તો હવે જોવાનું રહ્યું કે શહેરમાં આ બંધ પડેલી લાઈટો કેટલા સમયમાં ચાલુ કરવામાં આવે છે?

ઉના બાયપાસ પરથી અનધિકૃત રેતી વહન કરતું ટ્રેક્ટર-ટ્રોલી સીઝ

કલેક્ટર અને પ્રાંત અધિકારીના માર્ગદર્શન હેઠળ આકસ્મિક તપાસ; રૂ. ૫.૫૦ લાખનું વાહન જપ્ત

તસવીરઃ ફારૂક કાજી

ઉના,તા.૧૦: ગીર સોમનાથ જિલ્લાના કલેક્ટર તથા ઉનાના પ્રાંત અધિકારીના માર્ગદર્શન હેઠળ આવક વિભાગ દ્વારા અનધિકૃત ખનન અને ખનિજ પરિવહન સામે વિશેષ ચકાસણી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ઉના-ભાવનગર નેશનલ હાઇવે પર આવેલા ઉના બાયપાસ પરથી અનધિકૃત રીતે રેતીનું પરિવહન કરતું એક ટ્રેક્ટર-ટ્રોલી ઝડપી પાડવામાં આવ્યું હતું.આકસ્મિક તપાસ દરમિયાન મામલતદાર ઉના, નાયબ મામલતદાર (સુપર) ફન તથા કચેરીની ટીમે આશરે ૨.૫ ટન અનધિકૃત રેતીનું વહન કરતા ટ્રેક્ટર-ટ્રોલીને ઝડપી પાડ્યું હતું. જપ્ત કરાયેલા ટ્રેક્ટર-ટ્રોલીની અંદાજિત કિંમત રૂ. ૫.૫૦ લાખ હોવાનું અધિકૃત સૂત્રોએ જણાવ્યું હતું.અધિકારીઓએ ટ્રેક્ટર-ટ્રોલીને સીઝ કરીને સંબંધિત કાયદા મુજબ આગળની કાર્યવાહી હાથ ધરી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનધિકૃત ખનન અને ખનિજના ગેરકાયદે પરિવહન સામે સતત ચકાસણી અને કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે તેવી પણ માહિતી આપવામાં આવી છે.

પાસા હેઠળ અટક કરી શખ્સને સુરત જેલમાં રાજુલા પોલીસે મોકલ્યો

(પ્રતિનિધિ દ્વારા) રાજુલા તા.૧૦

રાજુલા બી આઈ કોલાદરા દ્વારા શરીર સંબંધી ગુનાહમાં સંડોવાયેલા ઈસમ

દ્વારા પાસા અંગે દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષક મારફત જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલી આપી હતી જે અન્વયે જિલ્લા મેજિસ્ટ્રેટે ૩૧ વર્ષીય ઝાપોદર રહેવાસી મહેશ મનુભાઈ ધાખડા વિરુદ્ધ કરવામાં આવેલ દરખાસ્ત માન્ય રાખતા અમરેલી એલસીબી પીઆઇ સી પી વાઘેલા દ્વારા આ શખ્સ ને પાછા વોરંટની બજવણી કરી મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપેલ

જામજોધપુરના ઉદેપુરની સગીરા પર દુષ્કર્મ ગુજારનારને ૨૦ વર્ષની સખત કેદ

પીડીતાને સરકારની વળતર યોજના હેઠળ રૂ.૪ લાખ ચુકવવા આદેશ

(પ્રતિનિધિ દ્વારા)જામનગર, તા. ૧૦

જામનગરની સ્પેશિયલ પોક્સો અદાલતે જામજોધપુર તાલુકાના ઉદેપુર ગામની સગીરા પર દુષ્કર્મના ગંભીર કેસમાં આરોપીને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. સાથે જ પીડિત સગીરાને સરકારની વળતર યોજના હેઠળ રૂ. ૪ લાખનું વળતર ચૂકવવાનો પણ હુકમ કર્યો છે.

કેસની હકીકત મુજબ, જામજોધપુર તાલુકાના ઉદેપુર ગામમાં રહેતા એક મજૂર પરિવારની સગીર પુત્રી સાથે આરોપી ભરત રાજાભાઈ સાગઠીયા પણ ખેતમજૂરી કામ કરતો હતો. ઓળખાણનો લાભ લઈ આરોપીએ આશરે ત્રણ વર્ષ પહેલાં સગીરાને રાત્રિના સમયે લલચાવી-ફોસલાવી ગેરકાયદેસર રીતે ભગાડી લઈ જઈ તેના પર દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે સગીરાના પિતાએ જામજોધપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે પોક્સો અધિનિયમ તથા અન્ય સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તપાસ પૂર્ણ થયા બાદ આરોપીની ધરપકડ કરી તેની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

ત્યારબાદ કેસ જામનગરની સ્પેશિયલ પોક્સો અદાલતમાં ચાલ્યો હતો. સરકાર પક્ષ તરફથી સરકારી વકીલ એમ. પી. જાની એ ૧૦ સાક્ષીઓની જુબાની અને ૨૪ દસ્તાવેજી પુરાવા રજૂ કરી અસરકારક દલીલો કરી હતી. સરકાર પક્ષની દલીલો, સાક્ષીઓની જુબાની અને દસ્તાવેજી પુરાવાઓને ધ્યાનમાં લઈને અદાલતે આરોપી ભરત રાજાભાઈ સાગઠીયાને ગુનામાં દોષિત ઠેરવ્યો હતો. અદાલતે આરોપી ને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. ઉપરાંત પીડિત સગીરાને સરકારની વળતર યોજના હેઠળ રૂ. ૪ લાખ ચૂકવવાનો આદેશ પણ કર્યો છે.

આ કેસમાં સરકાર પક્ષ તરફથી સરકારી વકીલ એમ. પી. જાનીએ સફળતાપૂર્વક કેસની કાર્યવાહી હાથ ધરી હતી.

સોમનાથ દરિયાકિનારેથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો

પ્રતિનિધિ દ્વારા પ્રભાસપાટણ તા.૧૦

પ્રભાસ પાટણ ખાતે સોમનાથ ચોપાટી અને ત્રિવેણી સંગમ વચ્ચેના દરિયાકાંઠેથી એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ પ્રભાસ પાટણ પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબ્જો મેળવ્યો હતો અને તેને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો. હાલ મૃતકની ઓળખ થઈ શકી નથી. યુવકનું મૃત્યુ દરિયામાં ડૂબી જવાથી થયું છે કે અન્ય કોઈ કારણસર, તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ અને ગુમ થયેલા લોકોની ફરિયાદોના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

પશ્ચિમ રેલવે રાજકોટ ⇌ લાલકુઆં વચ્ચે સાપ્તાહિક વિશેષ ટ્રેનની ટ્રિપ્સ લંબાવાશે

ટ્રેન નં.	ક્યાંથી	ક્યાં સુધી	દોડાવવાનો દિવસ	લંબાવાશે
૦૫૦૪૬	રાજકોટ	લાલકુઆં	સોમવાર	૨૮.૦૯.૨૦૨૬
૦૫૦૪૫	લાલકુઆં	રાજકોટ	રવિવાર	૨૭.૦૯.૨૦૨૬

વિરામો, થોભવાનો સમય અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે

ટ્રેન નંબર ૦૫૦૪૬ની વિસ્તૃત ટ્રિપ્સ માટે બુકિંગ ૧૧.૦૭.૨૦૨૬થી બધા PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઈટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને ફોલો કરોઃ facebook.com/WesternRiy X.com/WesternRly Instagram.com/WesternRly https://www.youtube.com/@WesternRly https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો

હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

HeroHousing Finance

સંપર્ક સરનામુંઃ ઓફિસ નંબર ૪૧૨, ચોથો માળ, સેવન સીઝ, રેવન્યુ સર્વે નંબર ૨૭૦/પી-૩માં પ્લોટ નંબર ૧, તનિષ્ક શોરૂમની ઉપર, જૂનાગઢ, ગુજરાત- ૩૬૨૦૦૧.
રજી. ઓફિસઃ ૦૯, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી - ૧૧૦૦૫૭,
ફોનઃ ૦૧૧ ૪૯૨૬૭૦૦૦, ટોલ ફ્રી નંબરઃ ૧૮૦૦ ૨૧૨ ૮૮૦૦, ઈમેઈલઃ customer.care@herohfl.com
વેબસાઈટઃ www.herohousingfinance.com | CIN: U65192DL2016PLC30148

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

(સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૧) સાથે વાંચેલ પરિશિષ્ટ ૪ મુજબ)

અહીં, હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે નીચે સહી કરનાર, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ સાથે વાંચવામાં આવતી કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, નીચે દર્શાવેલ ડિમાન્ડ નોટિસ બહાર પાડી હતી જેમાં કરજદારોને ઉપરોક્ત નોટિસની તારીખથી ૬૦ દિવસની અંદર નોટિસમાં ઉલ્લેખિત રકમ ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું.
કરજદાર, રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, કરજદારને, ખાસ કરીને અને સામાન્ય રીતે જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે વાંચવામાં આવતી કાયદાની કલમ ૧૩(૪) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબ્જો લીધો છે.
ખાસ કરીને કરજદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને, આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ મિલકત સાથે વ્યવહાર ન કરે અને મિલકત સાથેના કોઈપણ વ્યવહાર પર હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડનો ચાર્જ લાગશે, જે નીચે દર્શાવેલ રકમ, તેના પર વ્યાજ અને દંડાત્મક વ્યાજ, શુલ્ક, ખર્ચ વગેરે સાથે નીચે દર્શાવેલ તારીખથી ચૂકવવામાં આવશે.
સુરક્ષિત સંપત્તિઓ રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ કરજદારોનું ધ્યાન દોરવામાં આવે છે.

લોન એકાઉન્ટ નં.	કરજદાર(ઓ)/કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ)નું નામ	ડિમાન્ડ નોટિસની તારીખ / ડિમાન્ડ નોટિસ મુજબ રકમ	કબજાની તારીખ (રચનાત્મક/ભૌતિક)
HHFJNGHOU 24000048210	ચુડાસમા દિપક દિનેશભાઈ, ચુડાસમા રાહુલ દિનેશભાઈ, જાગૃતિ દિનેશ ચુડાસમા, દિનેશ રણછોડ ચુડાસમા	૧૫-૦૪-૨૦૨૬ રૂ.૧૦,૧૬,૭૬૧/- ૧૫-એપ્રિલ-૨૦૨૬ના રોજ બાકી	૦૯.૦૭.૨૦૨૬ (પ્રતિકાત્મક)

સુરક્ષિત સંપત્તિઓ/સ્થાવર મિલકતોનું વર્ણનઃ રહેણાંક મકાનનો તે તમામ ભાગ અને પાર્સલ જમીન પર બંધાયેલ વિસ્તાર ૪૨-૨૫ ચો.મી. (બિલ્ટ-અપ વિસ્તાર ૩૩-૦૫ ચો.મી. જી.એફ. પર અને ૧૪-૯૭ ચો.મી. એફ.એફ. પર) પ્લોટ નં.૬૫ પૈકીના રેવન્યુ સર્વે નં.૧૭/૨ના પેટા-પ્લોટ નં. ૬૫/૧, મું. કેશોદ પેટા જિ. કેશોદ અને રજી. જિ. જૂનાગઢ ખાતે આવેલ. **મિલકતની સીમાઓઃ ઉત્તરઃ** રેવન્યુ સર્વે નં. ૧૭/૧ ની જમીન, **દક્ષિણઃ** ૭-૫૦ મીટર પહોળો રસ્તો, **પૂર્વઃ** પેટા-પ્લોટ નં. ૬૫/૨ની જમીન, **પશ્ચિમઃ** પ્લોટ નં. ૬૪ની જમીન

તારીખઃ- ૧૧-૦૭-૨૦૨૬ | એસડી/- અધિકૃત અધિકારી
સ્થળઃ- જૂનાગઢ | હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ માટે

‘‘મને તારામાં રસ નથી’’ તેમ કહી પતિએ પત્નીને ઘરમાંથી કાઢી મૂકી

પતિ, સાવકા પુત્ર અને પુત્રવધૂ સહિત ૬ શખ્સો સામે મહિલાની જૂનાગઢ પોલીસમાં ફરિયાદ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૦

જૂનાગઢમાં ‘‘મને તારામાં રસ નથી‘‘ તેમ કહી પતિએ પત્નીને ઘરમાંથી કાઢી મૂકી હોવાની પીડિત મહિલાએ તેના પતિ, સાવકા પુત્ર-પુત્રવધૂ અને મામાઓ સહિત ૬ શખ્સો સામે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા મહિલા પોલીસે આરોપીઓ સામે ગુન્હો નોંધી, તપાસ હાથ ધરી છે. પોલીસ પ્રાપ્ત વિગત મુજબ, જૂનાગઢના રાધાકૃષ્ણ નગરમાં રહેતા ફરિયાદી પ્રતિભાબેન એ શહેરના દીપાંજલી-૨ સોસાયટીમાં રહેતા તેમના પતિ સરમણભાઈ ગોવિંદભાઈ સોલંકી સામે એવા મતલબની ફરિયાદ નો ધાવી છે કે, તેના પતિ અવારનવાર ‘‘મને તારામાં કોઈ રસ નથી અને તને કંઈ ખબર પડતી નથી‘‘ તેમ કહી મેણાટોણા મારતા હતા અને ગાળો આપી માનસિક દુઃખત્રાસ આપતા હતા. આ ઉપરાંત પતિના આગલા ઘરના દીકરા તેજ સરમણભાઈ સોલંકી અને તેની પત્ની હેમાંગીએ પણ નાની-નાની બાબતોમાં ફરિયાદી વિરૂદ્ધ ચડામણી કરી હતી. પુત્રવધૂ હેમાંગીએ પ્રતિભાબેનને રસોડામાં જતા અટકાવી અસહ્ય માનસિક ત્રાસ આપ્યો હતો. વધુમાં, પુત્ર તેજના કૌટુંબિક મામા કિશોરભાઈ ભુતૈયા, તેનો દીકરો કશ્યપભાઈ તથા સગા મામા અરૂણભાઈ દેસાભાઈ પરમાર ફરિયાદીના ઘરે આવીને તેમના પતિને પ્રતિભાબેન વિરૂદ્ધ ઉશ્કેરતા હતા. જયારે ફરિયાદીએ કિશોરભાઈ અને કશ્યપને તેમના લગ્નજીવનમાં દખલગીરી ન કરવા કહ્યું, ત્યારે તેમણે મારી સામે થાશે તેને હું જોઈ લઈશ તેવી ધમકીઓ આપી માનસિક ત્રાસ ગુજાર્યો હતો.

pnb punjab national bank ...the name you can BANK upon!

સ્ટ્રેસ્ડ એસેટ મેનેજમેન્ટ શાખા, મુંબઈ
પીએનબી પ્રગતિ ટાવર, પહેલો માળ, પ્લોટ નં. સી-૯, જી-બ્લોક, બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૫૧, ઈમેલઃ zs8356@pnb.bank.in

સ્થાવર મિલકતોના વેચાણ માટેની વેચાણ નોટિસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વાંચવામાં આવેલ સ્થાવર સંપત્તિના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ.
આથી જાહેર જનતાને અને ખાસ કરીને કરજદાર(ઓ) અને જામીનદાર(ઓ)ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત(ઓ) જે સુરક્ષિત લેણદાર પાસે ગીરવે મૂકવામાં આવી છે/ચાર્જ કરવામાં આવી છે, જેનો પ્રતિકાત્મક કબ્જો બેંક/સુરક્ષિત લેણદારના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તે ‘‘જ્યાં છે ત્યાં’’, ‘‘જેમ છે તેમ’’, અને ‘‘જે છે તે’’ના આધારે નીચે આપેલા કોષ્ટકમાં દર્શાવેલ તારીખો પર, સંબંધિત કરજદાર(ઓ) અને જામીનદાર(ઓ) પાસેથી બેંક/સુરક્ષિત લેણદારને તેના બાકી લેણાંની વસૂલાત માટે વેચવામાં આવશે. અનામત કિંમત અને બાનાની રકમ જમા કરવા સંબંધિત મિલકતો સામે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

સુરક્ષિત સંપત્તિઓનું સમયપત્રક

અનુ. નં.	શાખાનું નામ / ખાતાનું નામ / કરજદાર/જામીનદારોના ખાતાના નામ અને સરનામા	સ્થાવર મિલકતોનું વર્ણન ગીરો/માલિકોના નામ (મિલકત(ઓ)ને ગીરો રાખનારા(ઓ))	અ) સરફેઈસી અધિનિયમ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસની તારીખ બ) બાકી રકમ (રૂમાં) ક) સરફેઈસી અધિનિયમ ૨૦૦૨ની કલમ ૧૩(૪) હેઠળ કબજાની તારીખ ડ) કબજાની પ્રકૃતિ પ્રતીકાત્મક/ભૌતિક/રચનાત્મક	અ) અનામત કિંમત (રકમ રૂપિયામાં) બ) ઈએમડી (રકમ રૂપિયામાં) ક) બોલીમાં વધારાની રકમ (રકમ રૂપિયામાં)	ઈ-હરાજીની તારીખ/સમય	સુરક્ષિત લેણદારોને જાણીતા બોજાની વિગતો
૧.	સ્ટ્રેસ્ડ એસેટ મેનેજમેન્ટ શાખા, મુંબઈ ૧) મેસર્સ બ્લીઝાર્ડ વેટ્રીફાઇડ એલએલપી (કરજદાર/ગીરો) (LLPIN-AAI-4468) સર્વે નંબર ૮૧પી ૨, ૮૨/૧, ૮૨/૨પી ૧ અને ૮૨/૨પી ૨, લુણસર રોડ, ભોજપરા સામે, ૮-એ, નેશનલ હાઈવે, જેતપરડા, તાલુકો-વાંકાનેર, જિલ્લો-મોરબી, ગુજરાત - ૩૬૩૬૨૧. ૨) શ્રી દેસાઈ હરેશભાઈ ગોરધનભાઈ જોધપર નદી, મોરબી, ગુજરાત-૩૬૩૬૪૨ અને ૬૦૨ આઈડીયલ પેલેસ પ્રમુખ રવાપર રોડ, મોરબી, રાજકોટ.	મિલકત નં. ૧ ખુલ્લી એનએ જમીનની સ્થાવર મિલકત માપન આશરે ૪૬૪.૫૧ ચો. મીટર (માપન આશરે ૫૦૦૦.૦૦ ચો. ફૂટ) પ્લોટ નં. ૦૭, ‘‘શક્તિ ઔદ્યોગિક એસ્ટેટ’’ તરીકે ઓળખાતો વિસ્તાર રેવન્યુ સર્વે નં. ૪૫ પૈકી ગામઃ ત્રાજપર, તાલુકો અને જિલ્લો મોરબી. માલિકઃ શ્રી દેસાઈ હરેશભાઈ ગોરધનભાઈ, શ્રી યોગેશ અંબારામભાઈ ઘોડાસરા અને શ્રી ઈશ્વરભાઈ ભગવાનભાઈ મોટકા.	મિલકત નંબર ૧ (અ) ૦૮.૦૪.૨૦૨૫ (બ) ૦૮/૦૪/૨૦૨૫ના રોજ રૂ.૨૮,૩૮,૩૬,૬૯૨.૭૮ વત્તા વધુ વ્યાજ બાદ વસૂલાત, જો કોઈ હોય તો (ક) ૦૨/૦૭/૨૦૨૫ (ડ) ભૌતિક કબજો	મિલકત નંબર ૧ અ) ૧,૦૦,૬૧,૭૦૦.૦૦ બ) ૧૦,૦૬,૧૭૦.૦૦ ક) ૧,૦૦,૦૦૦.૦૦	૦૪/૦૮/૨૦૨૬ સવારે ૧૧થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી	જાણતા નથી
૨.	૩) શ્રી યોગેશ અંબારામભાઈ ઘોડાસરા (જામીનદાર) ખાનપર, મોરબી, ગુજરાત -૩૬૩૬૪૧ અને અવધ ૪ કન્યા છાત્રાલય રોડ, શ્રી કુંજ પાસે, મોરબી, રાજકોટ. ૪) શ્રી ઈશ્વરભાઈ ભગવાનભાઈ મોટકા (ભાગીદાર) શ્રીકુંજ-૨, પ્લોટ નં. ૬, અવધ-૪ની બાજુમાં, નાની કેનાલ પાસે, કન્યા છાત્રાલય રોડ, શનાળા રોડ, મોરવી, મોરબી, ગુજરાત - ૩૬૩૬૪૧ અને ભાગ્ય લક્ષ્મી, ભક્તિનગર સોસાયટી, શેરી નં. ૩, શ્યામ પાનની શેરી, શનાળા રોડ, મોરબી, ગુજરાત - ૩૬૩૬૪૧.	મિલકત નંબર ૨ ખુલ્લી એનએ જમીનની સ્થાવર મિલકત માપન આશરે ૮૫૫.૨૦ ચો. મી.નો પ્લોટ નં. ૦૬, એનએ ઔદ્યોગિક હેતુ માટે રેવન્યુ સર્વે નંબર ૬૦ ગામઃ જાંબુડિયા, તાલુકો અને જિલ્લોઃ મોરબી. માલિકઃ શ્રી ઈશ્વરભાઈ ભગવાનભાઈ મોટકા.	મિલકત નંબર ૨ (અ) ૦૮.૦૪.૨૦૨૫ (બ) ૦૮/૦૪/૨૦૨૫ના રોજ રૂ.૨૮,૩૮,૩૬,૬૯૨.૭૮ વત્તા વધુ વ્યાજ બાદ વસૂલાત, જો કોઈ હોય તો (ક) ૦૨/૦૭/૨૦૨૫ (ડ) ભૌતિક કબજો	મિલકત નંબર ૨ અ) ૧,૦૭,૯૪,૬૦૦.૦૦ બ)૧૦,૭૯,૪૬૦.૦૦ ક) ૧,૦૦,૦૦૦.૦૦	૦૪/૦૮/૨૦૨૬ સવારે ૧૧થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી	જાણતા નથી
૩.	૫) શ્રી શૈલેષ ઈશ્વરભાઈ પટેલ (ભાગીદાર) શ્રીકુંજ-૨, પ્લોટ નં. ૬, અવધ-૪ની બાજુમાં, નાની કેનાલ પાસે, કન્યા છાત્રાલય રોડ, શનાળા રોડ, મોરવી, મોરબી, ગુજરાત - ૩૬૩૬૪૧ અને ભક્તિનગર સોસાયટી, શેરી નં. ૩, સરદાર બાગ સામે, શનાળા રોડ, મોરબી, ગુજરાત - ૩૬૩૬૪૧.	મિલકત નં. ૩ ખુલ્લી એનએ જમીનની સ્થાવર મિલકત માપન આશરે ૬૨૬.૩૪ ચો. મીટર પ્લોટ નં. ૦૮, એનએ ઔદ્યોગિક હેતુ માટે રેવન્યુ સર્વે નંબર ૬૦ ગામઃ જાંબુડિયા, તાલુકો અને જિલ્લોઃ મોરબી. માલિકઃ શ્રી યોગેશ અંબારામભાઈ ઘોડાસરા.	મિલકત નંબર ૩ (અ) ૦૮.૦૪.૨૦૨૫ (બ) ૦૮/૦૪/૨૦૨૫ના રોજ રૂ.૨૮,૩૮,૩૬,૬૯૨.૭૮ વત્તા વધુ વ્યાજ બાદ વસૂલાત, જો કોઈ હોય તો (ક) ૦૨/૦૭/૨૦૨૫ (ડ) ભૌતિક કબજો	મિલકત નંબર ૩ અ) ૭૯,૦૬,૫૦૦.૦૦ બ) ૭,૯૦,૬૫૦.૦૦ ક) ૧,૦૦,૦૦૦.૦૦	૦૪/૦૮/૨૦૨૬ સવારે ૧૧થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી	જાણતા નથી

સંપર્ક વ્યક્તિઃ શ્રી નિરજ મહાલડા, અધિકૃત અધિકારી, SAM શાખા મુંબઈ, મોબાઈલઃ ૯૮૮૩૯૭૫૩૭૦,

નિયમો અને શરતો :- આ વેચાણ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨માં નિર્ધારિત નિયમો અને શરતો અને નીચેની વધારાની શરતોને આધીન રહેશેઃ
૧. હરાજી વેચાણ ‘‘ઈ-હરાજી દ્વારા ઓનલાઈન’’ પોર્ટલ https://baanknet.com પર થશે.
૨. મેસર્સ બ્લીઝાર્ડ વિટ્રિફાઇડ એલએલપી દ્વારા પીએનબી વિરૂદ્ધ ડીઆરટી અમદાવાદ ૨માં એસએ/૭૨૦/૨૦૨૫નો કેસ દાખલ કરવામાં આવ્યો છે.
૩. ઇચ્છુક બિડરો/ખરીદદારોને વિનંતી છે કે તેઓ તેમના ઇમેઇલ-આઈડી અને મોબાઇલ નંબરનો ઉપયોગ કરીને પોર્ટલ (https://baanknet.com) પર નોંધણી કરાવે. ઇ-કેવાયસીની પ્રક્રિયા ડિજી લોકર દ્વારા કરવાની રહેશે. એકવાર ઇ-કેવાયસી પૂર્ણ થઈ જાય, પછી ઇચ્છુક બિડરો/ખરીદદારો પોર્ટલમાં ઇ-ઓક્શન તારીખ અને સમય પહેલાં ઓનલાઇન/ચલણ મોડનો ઉપયોગ કરીને ઇએમડી રકમ તેમના ઇ-વોલેટમાં ટ્રાન્સફર કરી શકે છે. નોંધણી, ઇ-કેવાયસીની ચકાસણી, વોલેટમાં ઇએમડી ટ્રાન્સફર અને વોલેટની રકમને મિલકત સાથે લિંક કરવાની કામગીરી હરાજી પહેલાં ખૂબ અગાઉથી પૂર્ણ કરવી આવશ્યક છે.
૪. ઉપર જણાવ્યા મુજબ, અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઈએમડી) રકમ, ઓનલાઈન/ચલણ મોડમાં ચૂકવવામાં આવશે અને બિડર્સના ઈ-વોલેટમાં જમા કરવામાં આવશે. જરૂરી ઈએમડી ઓનલાઈન જમા ન કરાવનારા બિડર્સ ઈ-ઓક્શનમાં ભાગ લઈ શકશે નહીં. જમા કરાયેલ અર્નેસ્ટ મની પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
૫. ઈ-હરાજી માટે પ્લેટફોર્મ (https://baanknet.com) ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર મેસર્સ પીએસબી એલાયન્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા પૂરું પાડવામાં આવશે, જેની રજિસ્ટર્ડ ઓફિસ યુનિટ ૧, ત્રીજા માળે, VIOS કોમર્શિયલ ટાવર, વડાલા ટ્રક ટર્મિનલ પાસે, વડાલા પૂર્વ, મુંબઈ-૪૦૦૦૩૭ (હેલ્પડેસ્ક નંબર +૯૧ ૮૨૯૧૨૨૦૨૨૦, ઈમેલ આઈડીઃ support.ebkray@psballiance.com) ખાતે છે. ઇચ્છુક બિડર્સ/ખરીદદારોએ ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડરની વેબસાઈટ https://baanknet.com પર ઈ-હરાજી પ્રક્રિયામાં ભાગ લેવા જરૂરી છે. આ સર્વિસ પ્રોવાઈડર પોર્ટલ પર ઈ-હરાજી પર ઓનલાઈન પ્રદર્શન/તાલીમ પણ પ્રદાન કરશે.
૬. વેચાણની સામાન્ય શરતો અને નિયમો ધરાવતી વેચાણ નોટિસ નીચેની વેબસાઇટ્સ/વેબ પેજ પોર્ટલ પર ઉપલબ્ધ/પ્રકાશિત છે. (૧) https://baanknet.com (૨) www.pnbindia.in
૭. ઈ-હરાજીમાં ભાગ લેનારાઓ ઈ-હરાજી પોર્ટલ (https://baanknet.com) પરથી વેચાણ નોટિસની નકલો, ઈ-હરાજીના નિયમો અને શરતો, ઈ-હરાજી સંબંધિત અન્યથા-હરાજીના સંચાલન ભાગ પર સહાય માર્ગદર્શિકા મફતમાં ડાઉનલોડ કરી શકે છે.
૮. બોલી લગાવતી વખતે બોલી લગાવનારના ઈ-વોલેટમાં પૂરતી રકમ (>=EMD રકમ) હોવી જોઈએ.
૯. ઈ-હરાજી દરમિયાન, બિડર્સને છેલ્લી બોલી કરતાં વધુ બોલી લગાવવાની મંજૂરી આપવામાં આવશે અને બોલીની રકમમાં વધારો ઉલ્લેખિત વધારાની રકમનો હોવો જોઈએ. બોલી લગાવનારાઓને સતત ઊંચી બોલી લગાવવા માટે ૧૦ મિનિટનો સમય આપવામાં આવશે અને જો ૧૦ મિનિટની મુદત પૂરી થયા પછી કોઈપણ બોલી લગાવનાર દ્વારા છેલ્લી બોલી લગાવવા માટે કોઈ ઊંચી બોલી નહીં મૂકવામાં આવે, તો ઈ-હરાજી બંધ કરવામાં આવશે.
૧૦. ઇચ્છુક બિડર(રો)ની જવાબદારી છે કે તેઓ વેચાણ નોટિસ, ઈ-હરાજીના નિયમો અને શરતો, ઈ-હરાજીના સંચાલન ભાગ પર મદદ માર્ગદર્શિકા યોગ્ય રીતે વાંચે અને તેનું કડક પાલન કરે.
૧૧. ઈ-હરાજી પ્રક્રિયા પહેલા અથવા દરમ્યાન કોઈપણ મુશ્કેલી અથવા સહાયની જરૂર હોય તો, બોલી લગાવનાર અમારા ઈ-હરાજી સેવા પ્રદાતા મેસર્સ પીએસબી એલાયન્સ પ્રાઈવેટ લિમિટેડના અધિકૃત પ્રતિનિધિનો સંપર્ક કરી શકે છે. જેની વિગતો (https://baanknet.com) પર ઉપલબ્ધ છે.
૧૨. અધિકૃત અધિકારી દ્વારા ઈ-હરાજીને અંતિમ સ્વરૂપ આપ્યા પછી, અમારા ઉપરોક્ત સેવા પ્રદાતા દ્વારા ફક્ત સફળ બોલી લગાવનારને SMS/ઈમેલ દ્વારા જાણ કરવામાં આવશે. (તેમના દ્વારા આપવામાં આવેલ મોબાઇલ નંબર/ઈમેલ સરનામું/સેવા પ્રદાતા સાથે નોંધાયેલ).
૧૩. સુરક્ષિત સંપત્તિ ફક્ત અનામત કિંમત કરતાં વધુ વેચવામાં આવશે. એટલે કે એક વધારાની બોલી.
૧૪. સફળ બોલી લગાવનાર વ્યક્તિએ બિડ રકમના ૨૫% (પચીસ ટકા) જમા કરાવવાના રહેશે, જેમાંથી જમા કરાયેલ ઈએમડી રકમ બાદ કરીને તે જ દિવસે અથવા આગામી કાર્યકારી દિવસ સુધીમાં જમા કરાવવાની રહેશે અને બાકીની રકમ હરાજીની તારીખથી ૧૫ દિવસની અંદર NEFT/RTGS/ટ્રાન્સફરના સ્વરૂપમાં શીડ્યુલ્ડ કોમર્શિયલ બેંક દ્વારા જારી કરાયેલ/ટ્રાન્સફર કરવામાં આવશે. આ રકમ SUNDRY - NPA / SARFAESI / AUCTION RELATED, એકાઉન્ટ નંબરઃ ૮૩૫૬૦૦૩૧૭૧૧૮એ, IFSC: PUNB0835600, શાખાઃ SAMB MUMBAI, બેંકઃ PUNJAB NATIONAL BANK દ્વારા લેવામાં આવશે. જો નિર્ધારિત સમયમાં ઉપરોક્ત રકમ જમા કરાવવામાં નિષ્ફળતાના કિસ્સામાં, સફળ બોલી લગાવનાર વ્યક્તિ દ્વારા જમા કરાયેલ રકમ બેંકને જપ્ત કરવામાં આવશે અને અધિકૃત અધિકારીને મિલકતની નવી હરાજી/વેચાણ કરવાની સ્વતંત્રતા રહેશે અને ડિફોલ્ટ કરનાર બોલી લગાવનાર વ્યક્તિનો જપ્ત કરાયેલ રકમ અને મિલકત પર કોઈ દાવો રહેશે નહીં.
૧૫. સફળ બોલી લગાવનાર દ્વારા બેંકને વેચાણના વિચારણાની ચુકવણી આવકવેરા અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૯૪-૧એ હેઠળ ટીડીએસને આધીન રહેશે અને ટીડીએસ સફળ બોલી લગાવનાર દ્વારા બાકીની ૭૫% બોલી રકમ/બીડી રકમની સંપૂર્ણ જમા રકમ જમા કરાવતી વખતે જ ચૂકવવાનો રહેશે.
૧૬. અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ સમયે કોઈપણ બિડ સ્વીકારવાનો અથવા બધી બિડ નકારવાનો અથવા હરાજીની શરતો મુલતવી રાખવા/રદ કરવાનો/મુલતવી રાખવાનો/બંધ કરવાનો અથવા બદલવાનો અધિકાર અનામત રાખે છે અને આ સંદર્ભમાં તેમનો નિર્ણય અંતિમ રહેશે.
૧૭. કાયદાની જોગવાઈઓ અનુસાર સંપૂર્ણ બિડ રકમ જમા કરાવવા પર સફળ બિડરના પક્ષમાં વેચાણ પ્રમાણપત્ર જારી કરવામાં આવશે.
૧૮. મિલકતો ‘‘જ્યાં છે ત્યાં’’ અને ‘‘જેમ છે તેમ’’, અને ‘‘જે છે તે’’ આધારે વેચવામાં આવી રહી છે.
૧૯. ઉપર આપેલા શેડ્યૂલમાં ઉલ્લેખિત સુરક્ષિત સંપત્તિઓની વિગતો અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે, પરંતુ અધિકૃત અધિકારી આ ઘોષણામાં કોઈપણ ભૂલ, ખોટી માહિતી અથવા ચૂક માટે જવાબદાર રહેશે નહીં.
૨૦. બોલી લગાવતા પહેલા મિલકત અને સ્પષ્ટીકરણનું નિરીક્ષણ કરવાની અને પોતાને સંતોષવાની જવાબદારી બોલી લગાવનારાઓની રહેશે. બોલી લગાવનાર વ્યક્તિ આપેલી વિગતો અનુસાર ડીલિંગ અધિકારી સાથે પરામર્શ કરીને મિલકતનું નિરીક્ષણ કરે છે.
૨૧. બધા જ કાનૂની લેણાં/એટેન્ડન્ટ ચાર્જ/રજિસ્ટ્રેશન ચાર્જ, સ્ટેમ્પ ડ્યુટી, ટેક્સ વગેરે સહિત અન્ય લેણાં ખરીદનાર દ્વારા ચૂકવવાના રહેશે, જેમાં જીએસટી, જો કોઈ હોય તો તેનો સમાવેશ થાય છે.
૨૨. અધિકૃત અધિકારી કે બેંક બેંકને ખબર ન હોય તેવી મિલકતો (ઈ-હરાજી કરાયેલ)ના સંદર્ભમાં સરકાર અથવા અન્ય કોઈને કોઈપણ ચાર્જ, પૂર્વાધિકાર, બોજો અથવા અન્ય કોઈપણ લેણાં માટે જવાબદાર રહેશે નહીં. ઇચ્છુક બોલી લગાવનારને સલાહ આપવામાં આવે છે કે તેઓ મિલકત પરના બોજો અંગે સ્વતંત્ર પૂછપરછ કરે જેમાં કાનૂની જવાબદારીઓ, મિલકત વેરાના બાકી લેણાં, વીજળીના બાકી લેણાં વગેરેનો સમાવેશ થાય છે.
૨૩. બોલી લગાવનાર વ્યક્તિએ યોગ્ય ઇન્ટરનેટ કનેક્ટિવિટી, પાવર બેક-અપ વગેરે સુનિશ્ચિત કરવું જોઈએ. ઇન્ટરનેટ નિષ્ફળતા, પાવર નિષ્ફળતા અથવા ઈ-હરાજીને અસર કરતા ટેકનિકલ કારણો અથવા કારણો/આકસ્મિકતાઓ અંગે બેંકની જવાબદારી રહેશે નહીં.
૨૪. બેંક માટે પ્રતિનિધિ નિયુક્ત કરવાનો અને સ્વ-બિડ કરવાનો અને હરાજીમાં ભાગ લેવાનો અધિકાર ખુલ્લો છે.
૨૫. સફળ બોલી કિંમત ઉપરાંત સરકારી કર તરીકેની બધી વધારાની રકમ સફળ બોલી લગાવનાર દ્વારા ચૂકવવામાં આવશે.
વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, મહેરબાની કરીને https://baanknet.com અને www.pnbindia.in નો સંદર્ભ લો.

એસડી/-
અધિકૃત અધિકારી,
પંજાબ નેશનલ બેંક
સુરક્ષિત લેણદાર માટે અને વતી

તારીખઃ ૧૦.૦૭.૨૦૨૬
સ્થળઃ મુંબઈ

સરફેઈસી અધિનિયમ, ૨૦૦૨ના નિયમ ૮(૬) હેઠળ કાનૂની વેચાણ નોટિસ

આધાર હાઉસીંગ ફાઈનાન્સ લિ.

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસ : ઓફિસ નં. ૫૦૧ અને ૫૦૩, પાંચમો માળ, લાઈટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી પૂર્વ, મુંબઈ ઉપનગરીય (જિલ્લો), મહારાષ્ટ્ર - ૪૦૦૦૭૨
રાજકોટ શાખાઃ ઓફિસ નંબર ૨૦૪થી ૨૦૮, બીજો માળ, ધ ઈમ્પેરિયા, સુભાષ રોડ, સીડબલ્યુએસ નંબર ૧૪, સીએસ નંબર ૩૦૮૫, શાસ્ત્રી મેદાનની સામે, પંચનાથ પ્લોટ, રાજકોટ, ગુજરાત - ૩૬૦૦૦૧
રાજકોટ કાલાવડ રોડ શાખાઃ બેરીંગ નં. બ્લોક ૨, ‘‘નક્ષત્ર-૨’’, ગ્રાઉન્ડ ફ્લોર, પ્લોટ નંબર ૩ અને ૪, ૧૫૦ રીંગ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧, (ગુજરાત)
મોરબી શાખાઃ ઓફિસ નં.૪૦૧, ચોથો માળ, વખત કોમ્પ્લેક્ષ, વસંત પ્લોટ, રવાપર રોડ, ચાકીયા હનુમાન સામે, મોરબી - ૩૬૩૬૪૧, (જીજે).
ગાંધીધામ શાખાઃ ઓફિસ નં.૩૦૫ અને ૩૦૬, બીજો માળ, રાયસન આર્કેડ, ઓસ્લો સિનેમા પાસે, સેક્ટર નં.૮, ગાંધીધામ - ૩૭૦૨૦૧, કચ્છ, (જીજે).

પરિશિષ્ટ ૪ કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **આધાર હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડ** (AHFL)ના અધિકૃત અધિકારી દ્વારા સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ના નિયમ ૩ સાથે વાંચવામાં આવેલ કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ મુજબ પ્રાપ્તિની તારીખથી **૬૦ દિવસ**ની અંદર નોટિસમાં ઉલ્લેખિત રકમની ચુકવણી કરવા માટે નીચે દર્શાવેલ કરજદાર(ઓ)/જામીનદાર(ઓ)ને કંપનીના અધિકૃત અધિકારી દ્વારા જારી કરાયેલ ડિમાન્ડ નોટિસ(ઓ) ઉક્ત નોટિસમાં કરજદાર રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી જેથી કરજદાર(ઓ)/જામીનદાર(ઓ) અને સામાન્ય રીતે જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચવામાં આવેલ અધિનિયમની કલમ ૧૩ની પેટા-કલમ (૪) હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે. અધિનિયમની કલમ ૧૩ની પેટા કલમ (૮)ની જોગવાઈઓ, ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, કરજદારોનું સુરક્ષિત મિલકત રિડીમ કરવા માટે ધ્યાન દોરવામાં આવે છે. ખાસ કરીને કરજદાર અને સામાન્ય રીતે જનતાને આથી સુચના આપવામાં આવે છે કે તે મિલકત સાથે વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર AHFLના ચાર્જને આધીન રહેશે જે અહીં નીચે દર્શાવેલ રકમ વ્યાજ સાથે રહેશે.

ક્રમ નં.	કરજદાર(ઓ)/સહ-કરજદાર(ઓ)નું નામ (શાખાનું નામ)	સુરક્ષિત સંપત્તિનું વર્ણન (સ્થાવર મિલકત)	ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ	કબજાની તારીખ
1	(લોન કોડ નં. ૦૪૦૦૦૦૦૭૮૯/ રાજકોટ શાખા) બાબુલા ડંબ્રુ પ્રધાન (કરજદાર) પ્રિયદર્શની બિપ્રા મલિક (સહ-કરજદાર) મિલેશ ભગવાનદાસ નિમાવત (જામીનદાર)	મિલકતનો તે દરેક ભાગ અને પાર્સલ બેરીંગ, સી એસ નં. ૧૫૮૫ પી, પ્લોટ નં. ૪૪ પી, જમીન માપન ૪૭-૯૫ ચો.મી., હીરાસ્મૃતિ પવન પાર્ક ૨ નિત્યાનંદ સોસાયટી પાસે વોરા બાગ પાછળ મહેન્દ્રસિંહજી હોસ્પિટલ સામે, રાજકોટ, ગુજરાત, ૩૬૩૬૪૨ **સીમાઓઃ** પૂર્વઃ પ્લોટ નં. ૫૮, પશ્ચિમઃ ૨૦-૦૦ ફૂટ રોડ, ઉત્તરઃ પ્લોટ નં. ૪૪પી અન્યની મિલકત, દક્ષિણઃ પ્લોટ નં. ૪૪પી અન્યની મિલકત	14-04-2026 & ₹ 8,55,036/-	09-07-2026
2	(લોન કોડ નં. ૧૮૫૧૦૦૦૧૩૪૦/ રાજકોટ કાલાવડ રોડ શાખા) જેનિશ કિરીટભાઈ વૈષ્ણવ (કરજદાર) હિનાબેન કિરીટભાઈ વૈષ્ણવ (સહ-કરજદાર)	મિલકતનો તે દરેક ભાગ અને પાર્સલ બેરીંગ, પ્લોટ નંબર ૨૮૭ થી ૨૯૦/૧, પ્લોટ નંબર ૨૮૭ થી ૨૯૦, લેખ નંબર ૩૬૬૭ જમીન માપન ૪૨-૮૬ ચો.મીટર શિવ શક્તિ નગર નાગરકા રોડ ગોંડલ રાજકોટ, ગુજરાત ૩૬૦૩૧૧. **સીમાઓઃ** પૂર્વઃ સંલગ્ન પ્લોટ નં. ૨૨૧, પશ્ચિમઃ સંલગ્ન ૯-૦૦ મીટર પહોળો રસ્તો, ઉત્તરઃ સંલગ્ન પ્લોટ નં. ૨૯૧, દક્ષિણઃ સંલગ્ન પેટા પ્લોટ નં. ૨૮૭+૨૮૮+૨૮૯/૨	14-04-2026 & ₹ 9,81,257/-	09-07-2026
3	(લોન કોડ નં. ૧૪૮૦૦૦૦૦૮૦૨/ મોરબી શાખા) મુન્ના ભરત યાદવ (કરજદાર) અનિતા મુન્ના યાદવ (સહ-કરજદાર)	મિલકતનો તે દરેક ભાગ અને પાર્સલ બેરીંગ, એસઆર નં. ૨૦ પી, પ્લોટ નં. ૧૯ પી, ભાગ ૮, જમીન માપન ૪૭-૯૩ ચોરસ મીટર, શાંતિવન સોસાયટી ઝીલટોપ ગ્રેનિટો પ્રા. પાસે જુના ઘુંટુ રોડ, રાજકોટ, ગુજરાત, ૩૬૩૬૪૨ **સીમાઓઃ** પૂર્વઃ પ્લોટ નં. ૧૮ની જમીન, પશ્ચિમઃ પ્લોટ નં. ૧૯ પી (ભાગ-૭)ની બાકીની જમીન, ઉત્તરઃ પ્લોટ નં. ૪૬ ની જમીન, દક્ષિણઃ એનએ જમીનનો રસ્તો	14-04-2026 & ₹ 2,63,726/-	09-07-2026
4	(લોન કોડ નં. ૧૩૨૦૦૦૦૦૨૮૧/ ગાંધીધામ શાખા) અનિતાદેવી દિલીપસિંઘ પંવાર (કરજદાર) દિલીપસિંઘ પંવાર (સહ-કરજદાર) સિદ્ધાર્થ થોરાટ (જામીનદાર)	મિલકતનો તે દરેક ભાગ અને પાર્સલ બેરીંગ, એસઆર નં. ૨૪૮/૧/પી/૪ અને ૨૫૪/૨ /પી/ ૧ પેટા પ્લોટ નં. ૧૨૨ - એ પી યુનિટ એ બાઘેશ્રી નગર ૩ એરપોર્ટ ચોકડી પાસે બગીચા સામે, ગામ- વરસામેડી તા.- અંજાર કચ્છ, ગુજરાત, ૩૭૦૨૦૫ **સીમાઓઃ** પૂર્વઃ સામાન્ય પ્લોટ -એ, પશ્ચિમઃ ૭.૫૦ મીટર પહોળો રોડ, ઉત્તરઃ પેટા પ્લોટ નં. ૧૨૨-બી, દક્ષિણઃ પેટા પ્લોટ નં. ૧૨૩-બી	09-09-2025 & ₹ 4,32,188/-	10-07-2026

સ્થળ : ગુજરાત | અધિકૃત અધિકારી
તારીખ : ૧૧.૦૭.૨૦૨૬ | આધાર હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડ

સલાયામાં શ્વાનની વફાદારી બકરીઓનો જીવ બચાવ્યો

ચોર બે બકરીઓ મૂકીને રફુચક્કર થયા, આ બનાવે સલાયામાં ભારે ચર્ચા જગાવી

તસવીરઃ આનંદ લાલ

સલાયા,તા.૧૦

સલાયા શહેરના જૂની પોલીસ લાઇન વિસ્તારમાં ગત મધ્યરાત્રિએ બકરી ચોરીની એક અજીબોગરીબ અને રસપ્રદ ઘટના સામે આવી છે. જેમાં તસ્કરો ચોરી કરવામાં નિષ્ફળ રહ્યા હતા અને શેરીના શ્વાનોએ ઘરમાલિકની બકરીઓનો આબાદ બચાવ કર્યો હતો. ઘટનાની વિગત એવી છે કે જૂની પોલીસ લાઇન પાસે રહેતા એક પરિવારના ઘરે રાત્રિના સમયે તેમના ઘરના આંગણામાં બે પાલતુ બકરીઓ બાંધેલી હતી. મધ્યરાત્રિએ વંડી ઠેકીને આવેલા બે જેટલા અજાણ્યા ચોરોએ બકરીઓની ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન સામાન્ય અવાજ થતાં ઘરના સભ્યો જાગી ગયા હતા, પરંતુ શરૂઆતમાં કંઈ સમજાયું ન હતું.ત્યારબાદ બકરીઓનો અવાજ આવતાં ઘરના સભ્યોએ લાઈટો ચાલુ કરીને તપાસ કરી, તો બકરીઓ ગાયબ જણાતી હતી. આથી પરિવારજનોએ તાત્કાલિક બહાર નીકળી આસપાસમાં શોધખોળ શરૂ કરી હતી.ચોરો બકરીઓને લઈને બાજુની શેરીમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે ત્યાં શેરીના શ્વાનોએ આ અજાણ્યા શખ્સોને જોઈને જોરજોરથી ભસવાનું શરૂ કરી દીધું હતું. શ્વાનોના ભસવાથી અને પાછળ આવી રહેલા ઘરના લોકોના ડરથી ગભરાઈને ચોર બંને બકરીઓને ત્યાં જ પડતી મૂકીને અંધારામાં ભાગી છૂટ્યા હતા.ત્યારબાદ પરિવારજનો ત્યાં પહોંચતા જ બંને બકરીઓ હેમખેમ મળી આવી હતી. આમ, મુંગા પશુઓએ અન્ય પશુઓનો જીવ અને માલિકનું નુકસાન થતું બચાવ્યું હતું. આ રમૂજી અને આશ્ચર્યજનક ચોરીના પ્રયાસની ઘટના હાલ સમગ્ર સલાયા પંથકમાં ભારે ચર્ચાનો વિષય બની છે.